# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

PGVCL
"પશ્ચિમ ગુજરાત વીજ સેવા સદન", નાના મવા રોડની સામે, લક્ષ્મીનગર રાજકોટ-૩૬૦૦૦૪

## જાહેર વિજ્ઞપ્તિ

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, (પીજીવીસીએલ) દ્વારા નામદાર ગુજરાત વીજ નિયમન આયોગ (જીઇઆરસી) સમક્ષ ઇલેકટ્રીસીટી એકટ, ૨૦૦૩ ની કલમ ૮૬(૧)(બ) તથા ૮૬(૧)(ઇ) અંતર્ગત ગુજરાત સ્ટેટ ઇલેકટ્રીસીટી કોર્પોરેશન લિમીટેડ (જી-સેક) સાથે નામદાર રાજ્ય સરકાર દ્વારા જી.આર. નં.એસ.એલ.આર. ૨૨-૧૧-૨૦૧૫-૧૫-બ તા. ૨૪.૦૬.૨૦૧૫ થી જાહેર કરવામાં આવેલ યોજના મુજબ જી-સેક કે જે ડેજીગ્નેટેડ ઇમ્પ્લીમેન્ટીંગ એજન્સી છે તેના દ્વારા સીકકા થર્મલ પાવર સ્ટેશન તથા કચ્છ લીગ્નાઇટ થર્મલ પાવર સ્ટેશન ખાતે પાઇલોટ પ્રોજેક્ટ રૂપે સ્થાપવામાં આવેલ ૧ મેગાવોટના સોલાર પ્લાન્ટ માંથી ઉત્પન્ન થનાર વીજળી ખરીદવા માટેના કરાર મંજુર કરવા માટે કેઇસ નં. ૧૬૪૭/૨૦૧૭ થી દરખાસ્ત કરેલ છે.

નામદાર આયોગે તા. ૧૮.૦૪.૨૦૧૭ ના ઓરલ ઓર્ડરથી પીજીવીસીએલની આ પીટીશન અંગે એક જાહેર વિજ્ઞપ્તિ આપી રસ ધરાવતા પક્ષકારો પાસેથી તેમના વાંધાઓ / સૂચનો મંગાવવા માટે નિર્દેશ કરેલ.

સદર પીટીશનની નકલ પીજીવીસીએલની વેબસાઇટ www.pgvcl.com પર ઉપલબ્ધ છે.

રસ ધરાવતા પક્ષકારોને આ અંગે સૂચનો / વાંધાઓ એફિડેવીટ પર પાંચ નકલમાં સચિવશ્રી, ગુજરાત વીજ નિયમન આયોગ, છઠો માળ, ગીફ્ટ વન, રોડ-૫-સી, ઝોન-૫, ગીફ્ટ સીટી, ગાંધીનગર-૩૮૨ ૩૫૫ ને તેમજ એક નકલ પીજીવીસીએલને આ જાહેર વિજ્ઞપ્તિના ૩૦ દિવસમાં રજૂ કરવા વિનંતિ છે.

મુખ્ય ઇજનેર (આર એન્ડ સી)

તા. ૦૧.૦૫.૨૦૧૭